પેજ 3

વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા બદલ બોલિવૂડ અભિનેતા ઈમરાન ખાનને હાઈકોર્ટની ફટકાર

વિરોધ કરવાનો અધિકાર OCI કાર્ડધારક માટે નથી: બોમ્બે હાઈકોર્ટ

ભારતની મહાનતા છે કે ફક્ત નોટિસ આપી ઈમરાને બિનશરતી માફી માગી



મુંબઈ, તા. 2 (પીટીઆઈ): બોમ્બે હાઈકોર્ટે સોમવારે અમેરિકી નાગરિક અને બોલિવૂડ અભિનેતા ઈમરાન ખાનને મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવીઝન (એસઆઈઆર) મુદ્દે મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમાર સામેના વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા બદલ સખત ફટકાર લગાવી હતી. અદાલતે સ્પષ્ટપણે નોંધ્યું હતું કે વિરોધ કરવાનો મૂળભૂત અધિકાર માત્ર ભારતીય નાગરિકો માટે જ ઉપલબ્ધ છે, ઓસીઆઈ (ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા) કાર્ડધારક માટે નહીં. ઉલ્લેખનીય છે કે વિદેશી પ્રાદેશિક નોંધણી કાર્યાલય (એફઆરઆરઓ) દ્વારા બોલિવુડ સ્ટાર આમિર ખાનના ભત્રીજા ઈમરાનને પ્રદર્શનમાં ભાગ લેવા બદલ 28 ઓક્ટોબર સુધીમાં દેશ છોડવાનો આદેશ આપ્યો હતો તેની સામે અભિનેતાએ બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી હતી. ચીફ જસ્ટિસ મહેશ ચંદ્ર ત્રિપાઠી અને જસ્ટિસ અદ્વૈત સેઠનાની બેન્ચે ટિપ્પણી કરી હતી કે, 'જો કોઈ ભારતીયે વિદેશમાં આવું કર્યું હોત તો શું તેને સહન કરવામાં આવ્યું હોત? જો આ અમેરિકામાં થયું હોત તો તે વ્યક્તિને તરત જ ભારત મોકલી દેવાયો હોત.' અદાલતે ઉમેર્યું કે ભારતની મહાનતા છે કે ઓસીઆઈ કાર્ડધારકને દેશમાંથી તરત જ હાંકી કાઢવાને બદલે નોટિસ આપવામાં આવી છે. જો ઈમરાન ખાનને પ્રદર્શનમાં ભાગ લેવાનો આટલો જ શોખ હોય તો તેમણે ભારતીય નાગરિકતા લેવા વિચારવું જોઈએ. હાઈકોર્ટની કડક ટિપ્પણી બાદ 43 વર્ષીય અભિનેતાના વકીલે કોર્ટ સમક્ષ નિ:શરત માફી માંગી હતી અને ભવિષ્યમાં આવા કોઈ વિરોધ પ્રદર્શનમાં ભાગ ન લેવાની બાંહેધરી આપી હતી. જોકે તેમના વકીલે અરજીમાં દાવો કર્યો હતો કે તેમણે આ સભામાં ભાગ લીધો નહોતો અને આયોજકો સાથે તેમનો કોઈ સંબંધ નથી. બેન્ચે ખાનની અરજી પર વધુ સુનાવણી 7 ડિસેમ્બર સુધી મુલતવી રાખી છે અને ત્યાં સુધી દેશ છોડવાની નોટિસ પરનો સ્ટે લંબાવ્યો છે. ઈમરાન ખાનને એફઆરઆરઓ તરફથી એક અલગ કારણ દર્શાવો નોટિસ પણ મળી છે, જેમાં તેમનું ઓસીઆઈ સ્ટેટસ શા માટે રદ ન કરવું તે અંગે સ્પષ્ટતા માગવામાં આવી છે.

અદાલતે સરકારને ઉદારતા દાખવવા કહ્યું

જોકે હાઈકોર્ટે સરકાર અને સત્તાવાળાઓને કહ્યું કે, 'ઈમરાન ખાન નિ:શરત માફી માંગવા માટે તૈયાર છે અને તેઓ બાળપણથી ભારતમાં રહ્યા છે. તેથી હવે થોડીક ઉદારતા અને મોટું મન દર્શાવો. આપણે 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના રાખવી જોઈએ. હળવી શૈલીમાં કોર્ટે પૂછ્યું કે ખાન વિરોધ સ્થળે શા માટે ગયા હતા? તેમની તો હાલમાં પ્રમોશન કરવા માટે કોઈ ફિલ્મ પણ આવી રહી નથી! ઓસીઆઈ કાર્ડધારક તરીકે તેઓ દેશની દયા પર છે, તેમ છતાં એક તક આપી શકાય.

બુલેટપ્રૂફ કેબિન પાછળથી ફેન્સને મળ્યા અમિતાભ બચ્ચન



મુંબઈ, તા. 2: બોલિવૂડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચને મુંબઈ સ્થિત પોતાના બંગલા 'જલસા' બહાર ફેન્સને મળવાની પોતાની લોકપ્રિય રવિવારની પરંપરા ચાલુ રાખી હતી. જોકે, પ્રશંસકો સાથેની તેમની આ છેલ્લી મુલાકાત થોડી અલગ હતી. કારણ કે, આ વખતે આ વરિષ્ઠ અભિનેતાએ 12 ફુટ ઊંચી બુલેટપ્રૂફ ગ્લાસની કેબિન પાછળથી ભીડનું અભિવાદન કર્યું હતું. આ પરિસરમાં ભારે સુરક્ષા તૈનાત કરવામાં આવી હતી, જ્યારે તેમના પુત્ર અને અભિનેતા અભિષેક બચ્ચન પણ આ વ્યવસ્થા પર ચુસ્ત નજર રાખતો જોવા મળ્યો હતો. અભિનેતા ટાઇગર શ્રોફ સામે બનેલી શૂટિંગની તાજેતરની ઘટના બાદ આ કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

કૃષ્ણ સ્તુતિને ખોટી રીતે દર્શાવવા બદલ મીડિયા આઉટલેટ પર અમિતાભ બચ્ચન લાલઘૂમ

નવી દિલ્હી, તા. 2 (PTI) સામાન્ય રીતે શાંત રહેતા અમિતાભ બચ્ચને સોમવારે ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિમાં કહેવાયેલા પોતાના શબ્દોને ખોટી રીતે રજૂ કરવા બદલ એક મીડિયા આઉટલેટ પર આકરા પ્રહારો કર્યા હતા. બચ્ચને એક ગુસ્સા ભરેલી પોસ્ટમાં જણાવ્યું હતું કે, તેમના 5 કરોડ ફોલોઅર્સમાંથી 10 ટકા ફોલોઅર્સ પણ વળતો પ્રહાર કરવા માટે પૂરતા છે અને તેઓ માત્ર તેમના ઈશારાની રાહ જોઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બચ્ચને લખ્યું કે, 29 ઓક્ટોબરની તેમની પોસ્ટ માત્ર ભગવાન શ્રીકૃષ્ણને યાદ કરીને કરવામાં આવેલી એક પ્રાર્થના હતી. તેમણે ત્યારે કહ્યું હતું કે, "લાવો તમારા હાથી, અમે પણ લાવીશું... હાથી ઘોડા પાલખી, જય કન્હૈયા લાલ કી." પરંતુ મીડિયા આઉટલેટે એવો અહેવાલ આપ્યો કે બચ્ચન તેમના વિરોધીઓને એવું કહીને પડકારી રહ્યા છે કે, "તમારા હાથી અને ઘોડા લઈને આવો." ગુસ્સે થયેલા બચ્ચને હિન્દીમાં વળતો જવાબ આપતાં લખ્યું, "કૃષ્ણ કન્હૈયા માટે પ્રાર્થનાના રૂપમાં અવારનવાર આ મંત્ર જાપ કરવામાં આવે છે - 'હાથી ઘોડા પાલખી, જય કન્હૈયા લાલ કી'. અને મીડિયા તેનો અનાદર કરીને પોતાની પબ્લિસિટી માટે તેને છાપે છે..." બચ્ચને કહ્યું કે, આ માત્ર 'જય શ્રી કૃષ્ણ'ના મંત્રનું ઘોર અપમાન નથી, પરંતુ તેમના શબ્દોને તોડી-મરોડીને રજૂ કરવાનો એક સભાન પ્રયાસ પણ છે.

શાહરૂખ ખાને 61મા જન્મદિવસે 'મન્નત'ની બાલ્કનીમાંથી ચાહકોનું કર્યું અભિવાદન



મુંબઈ, તા. 2: અભિનેતા શાહરૂખ ખાને પોતાના 61મા જન્મદિવસે મન્નતની બાલ્કનીમાંથી એકઠા થયેલા ચાહકોનું અભિવાદન કર્યું હતું. અભિનેતાએ પોતાનો સિગ્નેચર પોઝ આપીને ચાહકોના પ્રેમનો સ્વીકાર કર્યો હતો. આ પહેલાં શાહરૂખ ખાને પોતાના 61મા જન્મદિવસે દક્ષિણ મુંબઈની તાજ હોટેલ બહાર રાહ જોઈ રહેલા ચાહકોનો આભાર વ્યક્ત કર્યો હતો. સુપરસ્ટારે પરિવાર અને નજીકના મિત્રો સાથે હોટેલમાં જન્મદિવસની ઉજવણી કરી હતી. સોમવારે વહેલી સવારે જ્યારે તેઓ બહાર આવ્યા ત્યારે ચાહકોએ 'આઈ લવ યુ'ના નારા અને ભારે ઉત્સાહ સાથે તેમનું સ્વાગત કર્યું હતું. પોતાની કારમાં બેસતાં પહેલાં એસઆરકેએ ભીડ તરફ હાથ હલાવ્યો હતો અને ફ્લાઈંગ કિસ આપી, જેનાથી ફેન્સ ખુશીથી ઝૂમી ઊઠ્યા હતા.

પાકિસ્તાનમાં 4.4 અબજ ડોલરના LNG પ્રોજેક્ટ માટે યુએસ કંપનીઓ મેદાને

ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનના સમર્થનથી તૈયાર થનારા આ પ્રોજેક્ટમાં આયાત, સંગ્રહ, રિગેસિફિકેશન અને પાઇપલાઇન નિર્માણનો સમાવેશ

પોર્ટ કાસિમ ખાતે સ્થપાશે યુનિટ, આ બંદર હોર્મુઝ સ્ટ્રેઈટની હદથી બહાર હોવાને કારણે વ્યૂહાત્મક દ્રષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ

ઈસ્લામાબાદ, તા. 2 (પીટીઆઈ): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રશાસનના સમર્થનથી અમેરિકી કંપનીઓના એક કન્સોર્ટિયમે પાકિસ્તાનમાં એક સંકલિત લિક્વિફાઇડ નેચરલ ગેસ (એલએનજી) પ્રોજેક્ટ માટે 4.4 અબજ ડોલર સુધીના રોકાણની માગ કરી છે, એમ સોમવારે આવેલા એક મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

અગ્રણી અખબાર 'ડૉન' ના અહેવાલ મુજબ, આ પ્રસ્તાવિત પ્રોજેક્ટમાં એલએનજીની આયાત, સંગ્રહ, રિગેસિફિકેશન, ગેસ ટ્રાન્સમિશન અને મોટા ગ્રાહકોને વેચાણ જેવી બાબતોનો સમાવેશ થાય છે. પાકિસ્તાન પાસે હાલમાં કોઈ એલએનજી સ્ટોરેજ સુવિધા ન હોવાથી આ પ્રોજેક્ટ દેશની ઊર્જા જરૂરિયાતો માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. આ અમેરિકી કન્સોર્ટિયમમાં 'ગ્લોબલ વિઝન એનર્જી પાર્ટનર્સ' (જીવીઈપી), 'ખાનજી હોલ્ડિંગ્સ' અને લક્ઝમબર્ગ સ્થિત 'જનરલ મેડિટેરેનિયન હોલ્ડિંગ' સહિતના વ્યૂહાત્મક સહ-રોકાણકારો સામેલ છે. પ્રોજેક્ટના પ્રાયોજકોએ પોર્ટ કાસિમ ઓથોરિટી પાસેથી મંજૂરી મેળવી લીધી છે અને કામચલાઉ લાયસન્સ માટે ઓઇલ એન્ડ ગેસ રેગ્યુલેટરી ઓથોરિટી (ઓજીઆરએ) સમક્ષ અરજી દાખલ કરી છે. આ પ્રોજેક્ટને યુએસ ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ એજન્સીના પ્રોગ્રામ હેઠળ મંજૂરી મળી છે અને તેને યુએસ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન દ્વારા આંશિક નાણાકીય સહાય પણ મળી શકે છે.

આ પ્રોજેક્ટ બે તબક્કામાં વિકસાવવામાં આવશે. પ્રથમ તબક્કામાં 1.7 અબજ ડલરના ખર્ચે ચાર ટેન્ક સાથેનો એલએનજી ટર્મિનલ અને સ્ટોરેજ ફેસિલિટી બનાવવામાં આવશે. જ્યારે બીજા તબક્કામાં દેશના અન્ય ભાગોમાં ગેસ પહોંચાડવા માટે 1,100 કિમી લાંબી પાઇપલાઇનનું નિર્માણ કરવામાં આવશે, જેનાથી પ્રોજેક્ટનો કુલ ખર્ચ 4.4 અબજ ડોલર સુધી પહોંચશે.

કન્સોર્ટિયમ સ્થાનિક રોકાણકારો સાથે પણ વાતચીત કરી રહ્યું છે અને વૈશ્વિક ફંડ્સને સામેલ કરવા પ્રયાસ કરી રહ્યું છે. અરબી સમુદ્ર કિનારે આવેલું પોર્ટ કાસિમ હોર્મુઝ સ્ટ્રેઈટની હદથી બહાર હોવાને કારણે વ્યૂહાત્મક દ્રષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.



સોનિયા-લાલુની બેઠકમાં જૂની યાદો તાજી

બંને નેતાઓએ યુપીએ શાસનના દિવસો યાદ કર્યા

નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષા સોનિયા ગાંધીએ સોમવારે અહીં આરજેડી વડા લાલુપ્રસાદ યાદવ સાથે મુલાકાત કરી હતી, જેમાં બંને નેતાઓએ યુપીએ શાસનના દિવસો અને મનરેગા, આરટીઈ તથા આરટીઆઈ જેવા કાયદાઓના અમલીકરણને યાદ કર્યા હતા.

ગાંધીએ લાલુ સાથે તેમના પુત્રી અને સાંસદ મિસા ભારતીના નિવાસસ્થાને મુલાકાત લીધી હતી.

એક્સ પર એક પોસ્ટમાં લાલુએ કહ્યું, "આદરણીય સોનિયા ગાંધીએ નિવાસસ્થાને આવીને આરોગ્ય સંબંધિત માહિતી મેળવી. આ દરમિયાન જૂના દિવસોની યાદો તાજી થઈ હતી."

લાલુએ કહ્યું, "મુલાકાત દરમિયાન યુપીએ સરકારના દિવસોમાં યુવાનો, ખેડૂતો, સૈનિકો અને સામાન્ય માણસ માટે પારદર્શક જનકલ્યાણકારી યોજનાઓ કેવી રીતે લાગુ કરાઈ હતી અને મનરેગા, આરટીઈ તથા આરટીઆઈ જેવા કાયદાઓ દ્વારા દેશવાસીઓને કેવી રીતે સશક્ત બનાવવામાં આવ્યા હતા તે યાદ કરવામાં આવ્યું હતું."

લાલુએ કહ્યું, "સરદાર મનમોહન સિંહના નેતૃત્વ હેઠળ, અમે બિહારના વિકાસ માટે 1 લાખ 45 હજાર કરોડ રૂપિયાથી વધુની રકમ પૂરી પાડી હતી."

આ મુલાકાત દરમિયાન આરજેડી નેતા અને લાલુના પુત્ર તેજસ્વી યાદવ પણ ઉપસ્થિત રહ્યા હતા.

પત્રકારો સાથે વાત કરતાં તેજસ્વીએ કહ્યું, "લાલુજી તેમના નિયમિત મેડિકલ ચેક-અપ માટે દિલ્હી આવ્યા હતા. હું ગઈકાલે સોનિયાજીને મળ્યો હતો, જે દરમિયાન મેં તેમને આ અંગે જાણ કરી હતી. તેમણે ખુદ લાલુજીને મળવાની ઇચ્છા વ્યક્ત કરી હતી, તેથી જ તેઓ આજે તેમને મળવા આવ્યા છે."

મહારાષ્ટ્રની થાણે, હિંગોળી અને બીડ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

જોકે, કશું જ શંકાસ્પદ મળ્યું નથી

થાણે/હિંગોળી, તા. 2 (PTI): મહારાષ્ટ્રના થાણે, હિંગોળી અને બીડ સ્થિત ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટને સોમવારે તેમના પરિસરમાં બોમ્બ વિસ્ફોટ કરવાની ધમકી આપતા ઈમેઈલ મળ્યા હતા. જેને કારણે સુરક્ષા અંગે ભયનો માહોલ સર્જાયો હતો અને પોલીસે સઘન તપાસ હાથ ધરી હતી, જેમાં કશું જ શંકાસ્પદ મળી આવ્યું ન હતું. થાણે શહેરની કોર્ટ બિલ્ડિંગને બપોરે ખાલી કરાવવામાં આવી હતી. કારણ કે, કોર્ટ કાર્યાલયને બપોરે 3.30 વાગ્યે બોમ્બ વિસ્ફોટ થવાનો સંદેશ મળ્યો હતો. થાણે નગર પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ આખા કોર્ટ સંકુલને ખાલી કરાવ્યું હતું. ન્યાયાધીશો, વકીલો અને અન્ય કર્મચારીઓને સુરક્ષિત રીતે પરિસરની બહાર લઈ જવામાં આવ્યા હતા. ત્યાર બાદ સ્નિફર ડોગ સ્કવોડ અને બીડીડીએસ (બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ)ની ટીમે વ્યાપક તપાસ હાથ ધરી હતી. તપાસ હજી ચાલુ છે, જોકે અત્યાર સુધી કશું જ શંકાસ્પદ મળ્યું નથી. હિંગોળીમાં સવારે કોર્ટ શરૂ થયા બાદ કોર્ટની ઈમારતને ઉડાવી દેવાની ધમકી આપતો ઈમેઈલ સામે આવ્યો હતો. કોર્ટ સત્તાવાળાઓએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. ત્યાર બાદ બીડીડીએસ સાથે પોલીસની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને સઘન તપાસ શરૂ કરી હતી. આ ઈમેઈલ એક અફવા હોઈ શકે છે તેમ એક અધિકારીએ જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે હિંગોળી સાયબર ક્રાઈમ યુનિટે ઈમેઈલના સ્ત્રોત સુધી પહોંચવા માટે તપાસ શરૂ કરી છે. આવો જ એક ઈમેઈલ બીડમાં સવારે 11:52 વાગ્યે મળ્યો હતો, જેમાં બપોરે 3:11 વાગ્યે બોમ્બ વિસ્ફોટની ચેતવણી આપવામાં આવી હતી. ત્યાર બાદ કોર્ટ સંકુલને ખાલી કરાવવામાં આવ્યું હતું.



બિલાડી-બિલાડાના ધામધૂમથી લગ્ન!

શાંઘાઈ, તા. ૨: કેટલાક લોકો તેમના પાળેલા પશુઓના જન્મદિનની ધામધૂમથી ઉજવણી કરે છે પરંતુ ચીનના શાંઘાઈ શહેરમાં તો એક બિલાડી અને બિલાડાનો લગ્ન સમારંભ યોજાયો હતો. આ બિલાડીઓએ શાંઘાઈમાં એક રુવાંટીવાળાદાર વેડિંગ રિસેપ્શનમાં લગ્ન કર્યાં હતા. શનિવારે 7મા પેટજોય ફેશન વીક દરમિયાન બિલાડીઓ બુલે અને હુઆ કાઈના 'લગ્ન' થયાં હતા! આ ઈવેન્ટ ચાઈનાના શાંઘાઈ ઈન્ટરનેશનલ ફેશન સેન્ટરમાં વર્ષમાં બે વાર યોજાતી પાલતુ પ્રાણીઓની ફેશન અને લાઈફસ્ટાઈલ મેળાવડો છે. ગ્રે અને સફેદ રંગની 'કન્યા' એ ચમકદાર હાર સાથે મોટો સફેદ ડ્રેસ પહેર્યો હતો. આદુ અને સફેદ રંગના 'વરરાજા'એ લાલ કૉલરવાળો કાળો ટૉપ પહેર્યો હતો. તેણે સોનેરી હૃદય આકારનો હાર પણ પહેર્યો હતો. ફૂલો અને ફુગ્ગાઓથી સજાવટ કરાયેલા આ સમારોહને જોવા માટે ડઝનબંધ લોકો એકઠા થયા હતા. ઈવેન્ટમાં અન્ય બિલાડીઓ પણ ફેન્સી ડ્રેસમાં જોવા મળી હતી - જેમાં એક સ્ટાઈલિશ જોડી બગીમાં બેઠેલી જોવા મળી હતી.

કૂતરાઓની હેલોવીન પાર્ટી...!









શિકાગો, તા. ૨: અમેરિકાના શિકાગોમાં મિનિયમ્સથી લઈને ઉમ્પા-લૂમ્પા અને કાઉબોય સુધી, કૂતરાઓ અને તેમના માલિકોએ 'હાઉલ-ઓવીન' ઉજવવા માટે અત્યંત વિચિત્ર અને ડરામણા પોશાક પહેર્યા હતા. જુદી જુદી જાતિના આ શ્વાન તેમના માનવ સાથીઓની સાથે વિવિધ પોશાકથી સજ્જ હતા. આ રંગબેરંગી પોશાકોમાં ગ્લેડિયેટર, બોક્સિંગ લિજેન્ડ રોકી, પોલીસ અધિકારી, પાસ્તાનું બોક્સ, જોકર અને પ્રિન્સેસ જાસ્મિન તેમજ પેડિંગ્ટન બેર વગેરે સામેલ હતા. શિકાગો, ઈલિનોય ખાતે આ ઉત્સવમાં ડઝનબંધ લોકોએ ભાગ લીધો હતો, જ્યાં 39મી વાર્ષિક 'સ્ટ્રીટર્વિલ હેલોવીન પાર્ટી એન્ડ પરેડ' યોજાઈ હતી. આ ઈવેન્ટ પોશાક પહેરેલા પાલતુ પ્રાણીઓ અને તેમના માલિકોને પરેડ અને કોસ્ચ્યુમ સ્પર્ધા માટે એકસાથે લાવે છે. તે શનિવારે શહેરના મ્યુઝિયમ ઓફ કન્ટેમ્પરરી આર્ટના સ્કલ્પ્ચર ગાર્ડનમાં યોજાઈ હતી. એક સુંદર પોમેરેનિયન શ્વાનને જિન્જરબ્રેડ મેન તરીકે તૈયાર કરવામાં આવ્યો હતો. પોશાકો ખૂબ જ વૈવિધ્યસભર હતા. એક શ્વાને વધુ ધાર્મિક અભિગમ અપનાવ્યો અને પોપ લિયો તરીકે તૈયાર થઈને આવ્યો હતો!

હવાઈ મુસાફરી ન કરોઃ સુપ્રીમ

હવાઈ ભાડામાં 700 ટકા વધારા સામે તાકીદે સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટનો ઇનકાર

એરલાઇન્સ દ્વારા લેવાતા અનિયંત્રિત ભાડાં અને અન્ય ખર્ચાઓ પર અંકુશ મેળવવા માટેની એક અલગ અરજી પર અદાલત પહેલાથી જ સુનાવણી કરી રહી છે

નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): હવાઈ ભાડામાં અંદાજે 700 ટકા જેટલા થયેલા મસમોટા વધારા સામે દાખલ કરવામાં આવેલી અરજી પર તાકીદે સુનાવણી કરવાનો સોમવારે સર્વોચ્ચ અદાલતે ઇનકાર કરી દીધો હતો. વકીલને સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, 'હવાઈ મુસાફરી ન કરો.'

જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ સંદીપ મહેતા અને જસ્ટિસ અપરેશ કુમાર સિંહની બેન્ચ સમક્ષ એક વકીલે આ મામલાની તાત્કાલિક સુનાવણી માટે રજૂઆત કરી હતી. વકીલે કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે વિમાન ભાડામાં 700 ટકાનો તીવ્ર વધારો થયો છે અને હવાઈ મુસાફરી એ એક આવશ્યક સેવા હોવાથી આ વધારો બંધારણની કલમ 14 (બંધારણની કલમ 14 મુજબ કાયદા સમક્ષ તમામ નાગરિક સમાન છે)નો સીધો ભંગ કરે છે. તેના જવાબમાં અદાલતે ઉપરોક્ત ટિપ્પણી કરી હતી. ઉલ્લેખનીય છે કે, સર્વોચ્ચ અદાલત સામાજિક કાર્યકર્તા એસ. લક્ષ્મીનારાયણન દ્વારા દાખલ કરાયેલી એક અલગ અરજી પર પહેલાથી જ સુનાવણી કરી રહી છે. આ અરજીમાં ખાનગી એરલાઈન્સ દ્વારા લેવાતા અનિયંત્રિત ભાડાં અને અન્ય ખર્ચાઓ પર અંકુશ મેળવવા એક મજબૂત તેમજ સ્વતંત્ર નિયામકની માગ કરવામાં આવી છે.

ગત 16 ઓક્ટોબરની સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે કોર્ટને જણાવ્યું હતું કે 'ભારતીય વાયુયાન અધિનિયમ, 2024' હેઠળના નિયમોને મંજૂરી આપી દેવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે સોલિસિટર જનરલ તુષાર મહેતાને આગામી સુનાવણીની તારીખ 16 નવેમ્બરે આ નિયમો કોર્ટ સમક્ષ રજૂ કરવા આદેશ કર્યો છે. અગાઉ જાન્યુઆરીમાં પણ કોર્ટે તહેવારો દરમિયાન એરલાઈન્સ દ્વારા કરવામાં આવતા ભાડા વધારાને 'શોષણ' ગણાવ્યું હતું.

ગવર્નરથી માંડીને સિટી કાઉન્સિલર સુધી

અમેરિકામાં અનેક પદો માટે ભારતીય ઉમેદવારો ચૂંટણી જંગમાં

ઓહાયોના ગવર્નરપદની દોડમાં રહેલા રિપબ્લિકન વિવેક રામાસ્વામી સૌથી ચર્ચિત, જો ચૂંટાશે તો ભારતીય મૂળના ત્રીજા ગવર્નર બનશે

રો ખન્ના, પ્રમિલા જયપાલ સહિતના વર્તમાન સાંસદો ફરીથી ચૂંટાવા માટે મેદાનમાં છે, અન્ય હોદ્દાઓ માટે પણ અનેક ચૂંટણી સ્પર્ધામાં

વોશિંગ્ટન, તા. ૨(પીટીઆઈ): ગવર્નરથી લઈને સિટી કાઉન્સિલ મેમ્બર સુધીના પદો માટે ભારતીય અમેરિકન ઉમેદવારો બાવન લાખની વસ્તી ધરાવતા સમુદાય માટે સત્તામાં હિસ્સો મેળવવાના હેતુથી મંગળવારે યોજાનારી અમેરિકી મિડટર્મ ચૂંટણીની રેસમાં મેદાને ઉતર્યા છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થન સાથે રિપબ્લિકન વિવેક રામાસ્વામી ઓહાયોના ગવર્નર પદ માટે ચૂંટણી લડી રહ્યા છે અને ડેમોક્રેટ એમી એકટન સાથે તેમની વચ્ચે જંગ જામ્યો છે. જો તેઓ ચૂંટાઈ આવશે, તો બોબી જિંદાલ(લુઈસિયાના) અને નિક્કી હેલી(સાઉથ કેરોલિના) પછી રામાસ્વામી ભારતીય મૂળના ત્રીજા ગવર્નર બનશે. મંગળવારની મિડટર્મ ચૂંટણીમાં જ્યાં અનેક ભારતીય-અમેરિકન ઉમેદવારો મેદાનમાં છે, ત્યારે સૌપ્રથમ દિલીપ સિંહ સાઉઝે ૧૯૫૬માં યુએસ હાઉસ ઓફ રેપ્રેઝન્ટેટિવ્સમાં ચૂંટાઈને ઇતિહાસ રચ્યો હતો. અમૃતસરમાં જન્મેલા સાઉઝ કોંગ્રેસમાં ચૂંટનારા પ્રથમ એશિયન અમેરિકન અને પ્રથમ શિખ બન્યા હતા. તેમણે યુએસ હાઉસમાં ત્રણ ટર્મ સુધી સેવા આપી હતી. તેલંગાણામાં જન્મેલા મેરીલેન્ડના લેફ્ટનન્ટ ગવર્નર અરુણા મિલર આ મજબૂત ડેમોક્રેટિક રાજ્યમાં પુનઃચૂંટાઈ આવવા માટે પ્રયાસ કરી રહ્યા છે, જ્યારે અમેરિકાના બીજા સૌથી મોટા શહેર લોસ એન્જલસના મેયર બનવાની રેસમાં નિત્યા રામન સામેલ છે. અમેરિકી સંસદના વર્તમાન સભ્યો રો ખન્ના, અમી બેરા, પ્રમિલા જયપાલ અને સુહાસ સુબ્રમણ્યમ - આ તમામ ડેમોક્રેટ્સ - ૩ નવેમ્બરની ચૂંટણીમાં સંસદમાં પાછા ફરે તેવી અપેક્ષા છે.

અનેક યુરોપિયન દેશોના સુપરમાર્કેટોના ફ્રીઝરો ફરી સાયબરહુમલાનો ભોગ બન્યા

સ્વીડન, બેલ્જિયમ, લક્ઝમબર્ગ અને એસ્ટોનિયાની સુપરમાર્કેટોમાં ફ્રીઝર અને રેફ્રિજરેટરોમાં સમસ્યાઓ સર્જાઇ

દેખીતા સાયબર હુમલામાં ફ્રીઝરો અને રેફ્રિજરેટરોનું તાપમાન ૫૦ ડીગ્રી સેલ્સિયસ પર સેટ કરી દેવાયું, ખોરાકી ચીજવસ્તુઓ બગડી જતા ફેંકી દેવી પડી

ગયા મહિને ફ્રાન્સમાં થયેલા આવા સાયબર હુમલા પછી બીજો બનાવ



સ્ટોકહોમ, તા. 2(AP): સોમવારે સ્વીડન, બેલ્જિયમ, લક્ઝમબર્ગ અને એસ્ટોનિયાની સુપરમાર્કેટોમાં ફ્રીઝર અને રેફ્રિજરેટરોમાં સમસ્યાઓ સર્જાઈ હતી, જેનું કારણ દેખીતી રીતે સાયબર હુમલાઓ હતા. આના કારણે કેટલાક સ્ટોર્સે બગડેલો ખોરાક ફેંકી દેવાની ફરજ પડી હતી.

આ સમસ્યાઓ ગયા મહિનાની એક ઘટના બાદ સામે આવી છે, જેમાં હુમલાખોરોએ ફ્રાન્સભરના સેંકડો સુપરમાર્કેટો અને સ્વતંત્ર સ્ટોર્સમાં રેફ્રિજરેશન સિસ્ટમ્સનો રિમોટલી કબજો મેળવી લીધો હતો અને તાપમાન ખૂબ વધારી દીધું હતું. સ્વીડનમાં, 'ICA ગ્રૂપ' સુપરમાર્કેટ ચેઈનના પ્રવક્તા ગુસ્તાફ નિલસને ન્યૂઝ એજન્સી TTને જણાવ્યું કે રાતોરાત બનેલી એક ઘટનાથી રેફ્રિજરેશન અને ફ્રીઝિંગ સિસ્ટમ્સ પ્રભાવિત થઈ હતી, જેનાથી "મર્યાદિત સંખ્યામાં" સ્ટોર્સ અસરગ્રસ્ત થયા છે. તેમણે ચોક્કસ સંખ્યા જણાવવાનો ઇનકાર કર્યો હતો.

દક્ષિણ સ્વીડનના સ્જોબો સ્થિત 'ICA ક્વાન્ટમ' શાખાએ તેના ફેસબુક પેજ પર લખ્યું કે તેના ફ્રિજ અને ફ્રીઝર હેક કરવામાં આવ્યા હતા અને તાપમાન 50 ડિગ્રી સેલ્સિયસ પર સેટ કરી દેવામાં આવ્યું હતું. તેણે જણાવ્યું કે તે પ્રભાવિત વસ્તુઓનો નિકાલ કરવાનું કામ કરી રહી છે. 'કૂપ' ચેઈને જણાવ્યું કે મધ્ય સ્વીડનમાં તેના છ સ્ટોર્સના ફ્રિજ અને ફ્રીઝરમાં સમસ્યાઓ સર્જાઈ હતી, તેમ TTએ અહેવાલ આપ્યો, જો કે તેની પાસે તાત્કાલિક વિગતો ન હતી.